**Extra No. 421**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ]  MONDAY, DECEMBER 29, 2025 / PAUSHA 8, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-C**

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**રાજ્ય ચૂંટણી આયોગ**

**આદેશ**

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ડિસેમ્બર, ૨૦૨૫

**નવસારી મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેનો આખરી આદેશ**

**ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-મનપા-નવસ-યુનિટ-૪-૨૦૨૫** : રાજ્ય ચૂંટણી આયોગના તા. ૧૫-૦૯-૨૦૨૫ના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-મનપા-નવસ-યુનિટ-૪-૨૦૨૫ થી નવસારી મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ જારી કરવામાં આવેલ હતો. આ આદેશ જાહેર જનતાની જાણ તથા સૂચનો માટે નિર્ધારિત સ્થળોએ તેમજ તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૪-સી માં, પાના ૨૫૬-૧ થી ૨૫૬-૧૨ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો;

અને, આ આદેશની પ્રસિદ્ધિની તારીખથી દિન-૧૦માં જાહેર જનતાને કોઈ સૂચનો હોય તો મોકલી આપવા અને તેની એક નકલ શહેર ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, નવસારીને મોકલવાની હતી;

અને, ઉપરોક્ત આદેશ સંબંધમાં આયોગને મળેલાં સૂચનો આયોગે વિચારણામાં લીધાં છે, અને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) બાબતના નિયમો, ૧૯૯૪ના નિયમ-૮ની જોગવાઈ હેઠળ આયોગે માન્ય રાજકીય પક્ષો સાથે તા. ૦૧-૧૦-૨૦૨૫ના રોજ પરામર્શ કર્યો છે;

તેથી હવે, રાજ્ય ચૂંટણી આયોગ, ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ સાથે મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) બાબતના નિયમો, ૧૯૯૪ (વખતો વખત સુધાર્યા મુજબ) થી મળેલ સત્તાની રૂએ રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-માપદંડ-ન.પ.-જન.૧-૧૨૨૦૧૪-ક, તા. ૧૧-૧૨-૨૦૧૪ થી નક્કી થયેલ માપદંડો/માર્ગદર્શક સિદ્ધાંતો ધ્યાને લઈ, નવસારી મહાનગરપાલિકાના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના તા. ૧૫-૦૯-૨૦૨૫ ના પ્રાથમિક આદેશમાં વોર્ડ સીમાંકન સંબંધે જરૂરી સુધારા સાથે, નવસારી મહાનગરપાલિકાના વોર્ડોનું સીમાંકન અને વોર્ડોની હદરેખા નક્કી કરવા અને વોર્ડવાર બેઠકોની ફાળવણી (અનામત બેઠકો સહિત) માટે સદર તા. ૧૫-૦૯-૨૦૨૫નો પ્રાથમિક આદેશ આખરી કરવાનું ઠરાવે છે.

૨. સને ૨૦૧૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નવસારી મહાનગરપાલિકાના જુદા જુદા ૧૩ વોર્ડની વસ્તી તથા દરેક વોર્ડમાં અનુસૂચિત જાતિની વસતી, અનુસૂચિત આદિજાતિની વસતી અને કલેક્ટરશ્રી, નવસારી તરફથી મળેલ નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં પછાતવર્ગની વસતીની માહિતી આધારે નવસારી મહાનગરપાલિકાના જુદા જુદા ૧૩ વોર્ડમાં પછાતવર્ગની અંદાજિત વસતી તથા તેની ટકાવારી મુજબ વોર્ડોને ઉતરતા ક્રમમાં ગોઠવી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ માટે વોર્ડોના નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી કરવામાં આવે છે.

**(અ) અનુસૂચિત જાતિ માટે નક્કી થતો ખાસ ક્રમાંક**

| ખાસ ક્રમાંક | વોર્ડ નં. | વોર્ડની કુલ વસતી | વોર્ડમાં અનુસૂચિત જાતિની કુલ વસતી | વોર્ડની કુલ વસતી સામે અનુસૂચિત જાતિની વસતીની ટકાવારી(%) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૨૫૦૪૨ | ૨૫૯૩ | ૧૦.૩૫ |
| ૨ | ૩ | ૨૩૬૦૫ | ૨૦૩૯ | ૮.૬૪ |
| ૩ | ૧૧ | ૨૧૨૪૭ | ૧૬૭૮ | ૭.૯૦ |
| ૪ | ૪ | ૨૨૫૭૫ | ૧૪૬૭ | ૬.૫૦ |
| ૫ | ૧૦ | ૨૧૫૩૦ | ૧૧૮૨ | ૫.૪૯ |
| ૬ | ૧ | ૨૫૬૯૯ | ૧૨૯૬ | ૫.૦૪ |
| ૭ | ૫ | ૨૫૪૬૩ | ૧૧૫૮ | ૪.૫૪ |
| ૮ | ૧૨ | ૨૩૧૫૫ | ૯૩૬ | ૪.૦૪ |
| ૯ | ૮ | ૨૧૪૪૭ | ૭૮૭ | ૩.૬૭ |
| ૧૦ | ૯ | ૨૫૮૪૦ | ૮૯૫ | ૩.૪૬ |
| ૧૧ | ૬ | ૨૫૬૮૨ | ૬૪૩ | ૨.૫૦ |
| ૧૨ | ૧૩ | ૨૨૭૨૦ | ૩૬૪ | ૧.૬૦ |
| ૧૩ | ૭ | ૨૧૬૪૮ | ૧૫૮ | ૦.૭૩ |
| **કુલ** | | **૩૦૫૬૫૩** | **૧૫૧૯૬** | |

**(બ) અનુસૂચિત આદિજાતિ માટે નક્કી થતો ખાસ ક્રમાંક**

| અ.નં. | વોર્ડ નં. | વોર્ડની વસતી | અનુસૂચિત આદિજાતિની કુલ વસતી | વોર્ડની વસતી સામે અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૧૩ | ૨૨૭૨૦ | ૭૬૫૧ | ૩૩.૬૭ |
| ૨ | ૫ | ૨૫૪૬૩ | ૭૧૮૦ | ૨૮.૧૯ |
| ૩ | ૯ | ૨૫૮૪૦ | ૪૬૮૦ | ૧૮.૧૧ |
| ૪ | ૨ | ૨૫૦૪૨ | ૪૩૨૮ | ૧૭.૨૮ |
| ૫ | ૬ | ૨૫૬૮૨ | ૪૨૩૦ | ૧૬.૪૭ |
| ૬ | ૧૨ | ૨૩૧૫૫ | ૩૭૬૭ | ૧૬.૨૬ |
| ૭ | ૪ | ૨૨૫૭૫ | ૩૪૮૧ | ૧૫.૪૨ |

| અ.નં. | વોર્ડ નં. | વોર્ડની વસતી | અનુસૂચિત આદિજાતિની કુલ વસતી | વોર્ડની વસતી સામે અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારી |
|---|---|---|---|---|
| ૮ | ૧ | ૨૫૬૯૯ | ૩૬૯૯ | ૧૪.૩૯ |
| ૯ | ૭ | ૨૧૬૪૮ | ૨૦૭૪ | ૯.૫૮ |
| ૧૦ | ૮ | ૨૧૪૪૭ | ૧૩૦૨ | ૬.૦૭ |
| ૧૧ | ૩ | ૨૩૬૦૫ | ૧૦૯૮ | ૪.૬૫ |
| ૧૨ | ૧૦ | ૨૧૫૩૦ | ૯૦૧ | ૪.૧૮ |
| ૧૩ | ૧૧ | ૨૧૨૪૭ | ૮૭૦ | ૪.૦૯ |
| **કુલ** | | **૩૦૫૬૫૩** | **૪૫૨૬૧** | |

**(ક) પછાતવર્ગ માટે નક્કી થતો ખાસ ક્રમાંક**

| અ.નં. | વોર્ડ નં. | વોર્ડની કુલ વસતી | પછાતવર્ગની કુલ વસતી (અંદાજિત) | વોર્ડની વસતી સામે પછાતવર્ગની વસતીની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૯ | ૨૫૮૪૦ | ૧૧૯૯૫ | ૪૬.૪૨ |
| ૨ | ૫ | ૨૫૪૬૩ | ૯૭૩૩ | ૩૮.૨૨ |
| ૩ | ૪ | ૨૨૫૭૫ | ૮૪૬૫ | ૩૭.૫૦ |
| ૪ | ૧૨ | ૨૩૧૫૫ | ૭૪૩૫ | ૩૨.૧૦ |
| ૫ | ૮ | ૨૧૪૪૭ | ૬૮૪૫ | ૩૧.૯૧ |
| ૬ | ૧૩ | ૨૨૭૨૦ | ૬૩૨૫ | ૨૭.૮૪ |
| ૭ | ૬ | ૨૫૬૮૨ | ૬૯૫૫ | ૨૭.૦૮ |
| ૮ | ૭ | ૨૧૬૪૮ | ૫૬૨૫ | ૨૫.૯૮ |
| ૯ | ૧૦ | ૨૧૫૩૦ | ૪૪૧૫ | ૨૦.૫૦ |
| ૧૦ | ૩ | ૨૩૬૦૫ | ૪૫૫૫ | ૧૯.૩૦ |
| ૧૧ | ૧ | ૨૫૬૯૯ | ૩૮૭૦ | ૧૫.૦૬ |
| ૧૨ | ૨ | ૨૫૦૪૨ | ૨૮૪૦ | ૧૧.૩૪ |
| ૧૩ | ૧૧ | ૨૧૨૪૭ | ૧૫૯૦ | ૭.૪૯ |
| **કુલ** | | **૩૦૫૬૫૩** | **૮૦૬૪૮** | |

૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV-240 of 2025 UDUHD/MSM/e-file/18/2025/0418/M, તા. 09/07/2025 થી નવસારી મહાનગરપાલિકા માટે કુલ વોર્ડની સંખ્યા, કુલ બેઠકોની સંખ્યા તથા તે પૈકી અનામત બેઠકો (સ્ત્રીઓ માટે અનામત બેઠકો સહિત) ની સંખ્યા નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

| નવસારી મહાનગરપાલિકા બેઠકોની સંખ્યા | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કુલ વોર્ડ | કુલ બેઠકો | જાહેરનામા મુજબ ફાળવેલ બેઠકો | | | | સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકો | | | |
| | | અ.જા. | અ.જ.જા. | પછાત વર્ગ | બિન અનામત | અ. જા. સ્ત્રી (કોલમ-૩ પૈકી) | અ. જ. જા. સ્ત્રી (કોલમ-૪ પૈકી) | પછાતવર્ગ સ્ત્રી (કોલમ-૫ પૈકી) | સામાન્ય સ્ત્રી (કોલમ-૬ પૈકી) |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** | **૮** | **૯** | **૧૦** |
| ૧૩ | ૫૨ | ૩ | ૮ | ૧૪ | ૨૭ | ૧ | ૪ | ૭ | ૧૪ |

૪. સબબ, આગામી સામાન્ય ચૂંટણી માટે, ઉપર ફકરા-૨ માં જે તે વર્ગ માટે નક્કી થયેલ ખાસ ક્રમાંક ધ્યાને લઈ, અનુસૂચિત જાતિ માટે 3 (ત્રણ), અનુસૂચિત આદિજાતિ માટે ૮ (આઠ) અને પછાતવર્ગ માટે ૧૪ (ચૌદ) બેઠકો (જે તે વર્ગની સ્ત્રીઓ માટે અનામત બેઠકો સહિત) નીચે મુજબ ફાળવવામાં આવે છે.

### (અ) અનુસૂચિત જાતિ માટે ફાળવેલ બેઠકો

| અ.નં. | અનુસૂચિત જાતિ માટે વોર્ડનો ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | ફાળવવાની બેઠક |
|---|---|---|---|
| ૧ | ૧ | ૨ | અનુસૂચિત જાતિ |
| ૨ | ૨ | ૩ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| ૩ | ૩ | ૧૧ | અનુસૂચિત જાતિ |

### (બ) અનુસૂચિત આદિજાતિ માટે ફાળવેલ બેઠકો

| અ.નં. | અનુસૂચિત આદિજાતિ માટે વોર્ડનો ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|---|
| ૧ | ૧ | ૧૩ | અનુસૂચિત આદિજાતિ |
| ૨ | ૨ | ૫ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૩ | ૩ | ૯ | અનુસૂચિત આદિજાતિ |
| ૪ | ૪ | ૨ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૫ | ૫ | ૬ | અનુસૂચિત આદિજાતિ |
| ૬ | ૬ | ૧૨ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |
| ૭ | ૭ | ૪ | અનુસૂચિત આદિજાતિ |
| ૮ | ૮ | ૧ | અનુસૂચિત આદિજાતિ સ્ત્રી |

### (ક) પછાતવર્ગને ફાળવેલ બેઠકો

| અ.નં. | પછાતવર્ગ માટે વોર્ડનો ખાસ ક્રમાંક | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|---|
| ૧ | ૧ | ૯ | પછાતવર્ગ સ્ત્રી |
| ૨ | ૨ | ૫ | પછાતવર્ગ |
| ૩ | ૩ | ૪ | પછાતવર્ગ સ્ત્રી |
| ૪ | ૪ | ૧૨ | પછાતવર્ગ |
| ૫ | ૫ | ૮ | પછાતવર્ગ |
| ૬ | ૬ | ૧૩ | પછાતવર્ગ સ્ત્રી |
| ૭ | ૭ | ૬ | પછાતવર્ગ સ્ત્રી |
| ૮ | ૮ | ૭ | પછાતવર્ગ |
| ૯ | ૯ | ૧૦ | પછાતવર્ગ સ્ત્રી |
| ૧૦ | ૧૦ | ૩ | પછાતવર્ગ |
| ૧૧ | ૧૧ | ૧ | પછાતવર્ગ |
| ૧૨ | ૧૩ | ૧૧ | પછાતવર્ગ સ્ત્રી |
| ૧૩ | ૫ | ૮ | પછાતવર્ગ સ્ત્રી |
| ૧૪ | ૯ | ૧૦ | પછાતવર્ગ |

૫. રાજ્ય ચૂંટણી આયોગ નવસારી મહાનગરપાલિકાના વોર્ડોનું સીમાંકન આ હુકમ સાથે જોડેલ અનુસૂચિ નં. ૧માં દર્શાવ્યા પ્રમાણે અને આગામી સામાન્ય ચૂંટણી માટે અનામત બેઠકો સહિતની બેઠકોની ફાળવણી અનુસૂચિ નં. ૨ માં દર્શાવ્યા પ્રમાણે આખરી કરવાનું ઠરાવે છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

**આર. જી. ગોહિલ,**

સચિવ.

**(રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-મનપા-નવસ-યુનિટ-૪-૨૦૨૫, તા. ૨૯/૧૨/૨૦૨૫ નું સાંધણ)**

**અનુસૂચિ-૧**

**નવસારી મહાનગરપાલિકા, જિલ્લો - નવસારી**

**સને ૨૦૧૧ની વસતી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડાના આધારે નવસારી મહાનગરપાલિકાની સૂચિત વોર્ડ રચના મુજબ વોર્ડોનું હદ વર્ણન**

**નવસારી મહાનગરપાલિકા- વોર્ડ નં. ૧ ની હદનું વર્ણન**

મોજે જલાલપોરના રે. સ. નં. ૧૧૦ની ઉત્તરેથી પૂર્વ તરફ સીધેસીધા જલાલપોરનાના સીમાડે - સીમાડે પૂર્ણા નદીના કિનારે આગળ વધી, નવસારીના સીમાડે વળી, નવસારીના રે.સ. નં. ૬૯૯ ની દક્ષિણેથી નવસારી શહેરની હદેહદે આગળ વધી, જલાલપોર મુખ્ય રોડને મળી, પશ્ચિમ તરફ સીધેસીધા આગળ વધી, જલાલપોર મુખ્ય રોડ પરથી દક્ષિણે ગૌરીશંકર મહોલ્લાની પશ્ચિમેથી નવસારીની હદે આગળ વધી, રામદેવ મંદિરની પૂર્વે થઈ સીધેસીધા દક્ષિણ તરફ રોડ ઉપર આગળ વધી, દક્ષિણ-પૂર્વ તરફ નવસારી શહેરની હદે આગળ વધી, હંસગંગા સોસાયટીની ઉત્તરે, હદેહદે આગળ વધી, દક્ષિણે વળી, મફતલાલ કોલોનીની પશ્ચિમ હદેથી આગળ વધી, દેસાઈ તળાવની પૂર્વ હદથી પશ્ચિમે આગળ વધી, રે.સ.નં. ૪૪૩ ની પશ્ચિમ હદેથી દક્ષિણે વળી, સીધેસીધા આગળ વધી, રે.સ.નં. ૪૩૯ ની પશ્ચિમ હદેથી ઘેલખડી રોડ ઉપર આવી, ત્યાંથી પૂર્વે સીધેસીધા ઘેલખડી રોડ પર આગળ વધી, ઘેલખડી રોડથી દક્ષિણે માતા ફળિયાની પશ્ચિમ હદેથી આગળ વધી, ત્યાંથી વળાંક લઈ, નવા ફળિયાની પશ્ચિમ હદથી આગળ વધી, ત્યાંથી પૂર્વ તરફ વળાંક લઈ, સીધેસીધા પૂર્વ તરફ આગળ વધી, ત્યાંથી ઉત્તરે લક્ષ્મીનગરની પશ્ચિમ હદે આગળ વધી, મુળાનંદ નગરની ઉત્તરેથી પૂર્વ તરફ આગળ વધી, રોડ પર આવી, ત્યાંથી દક્ષિણે સીધેસીધા નવસારીના સીમાડે-સીમાડે આગળ વધી, જલાલપોરના સીમાડાને મળી, ત્યાંથી દક્ષિણે જલાલપોરના સીમાડે-સીમાડે આગળ વધી, જલાલપોરના રે. સ. નં. ૨૯૧ ની પૂર્વે થઈ, જલાલપોરના સીમાડે-સીમાડે આગળ વધી, પશ્ચિમ તરફ વળી, ત્યાંથી જલાલપોરના સીમાડે-સીમાડે આગળ વધી, દક્ષિણ-પશ્ચિમે જલાલપોરના સીમાડે-સીમાડે આગળ વધી, ઉત્તર તરફ વળી, સીધેસીધા જલાલપોરના સીમાડે-સીમાડે આગળ વધી, જલાલપોરના રે. સ. નં. ૧૧૦ ની હદની અંદરનો તમામ વિસ્તાર.

**નવસારી મહાનગરપાલિકા- વોર્ડ નં. ૨ ની હદનું વર્ણન**

મોજે નવસારીના ઉત્તરે રે. સ. નં. ૨૬૯ થી નવસારીના સીમાડેથી નવસારીના સીમાડે-સીમાડે આગળ વધી, દક્ષિણે રેલ્વેની હદે-હદે આગળ વધી, બંદર રોડ ઉપર આવી, દક્ષિણે આગળ વધતાં રાયચંદ રોડ ઉપર આવી, ત્યાંથી જલાલપોર રોડ ઉપર આવી, ત્યાંથી રેલ્વેની હદે-હદે વિજલપોર રોડ ઉપર આગળ વધતાં સરદાર ટાઉનશીપની પૂર્વે હદે-હદે આગળ વધી, દક્ષિણે પશ્ચિમ તરફ સરદાર ટાઉનશીપની હદે આગળ વધી, ત્યાંથી દક્ષિણે વળાંક લઈ, નવસારીના સીમાડે-સીમાડે આગળ વધી, ઘેલખડી મુખ્ય રોડ ઉપર આવી, દક્ષિણે પશ્ચિમ તરફ ઘેલખડી મુખ્ય રોડથી દક્ષિણે ગણેશ નગરની પૂર્વે તરફના રોડ પર આગળ વધી, ત્યાંથી ગણેશનગરની દક્ષિણ હદેથી પશ્ચિમ તરફ આગળ વધી, ત્યાંથી દક્ષિણે મુળાનંદ નગરની પશ્ચિમ હદેથી આગળ વધી, લક્ષ્મીનગરની પશ્ચિમ હદેથી માધવપાર્કની દક્ષિણ હદેથી પશ્ચિમ તરફ આગળ વધી, નવા મહોલ્લાની હદેથી ઉત્તર તરફ આગળ વધી, ત્યાંથી માતા ફળિયાની પશ્ચિમ હદેથી ઘેલખડી મુખ્યરોડ પર આવી, ત્યાંથી રોડની પશ્ચિમ તરફ આગળ વધી, રામનગરની પશ્ચિમ હદેથી ઉત્તર તરફ વળી, સીધેસીધા આગળ વધી, રે.સ. નં. ૪૪૩ પૈકીની પશ્ચિમ હદેથી ઉત્તરેથી પૂર્વ તરફ આગળ વધી, સીધેસીધા દેસાઈ તળાવની હદે-હદેઆગળ વધતાં દેસાઈ તળાવની પાળે-પાળે વધી, મફતલાલ કોલોનીની પશ્ચિમ હદેથી આગળ વધી, હંસગંગા સોસાયટીની ઉત્તરે હદે-હદે પશ્ચિમ તરફ વળી, નવસારી શહેરની હદે-હદે પશ્ચિમ તરફ આગળ જતાં ઉત્તરે વળાંક લઈ, રામદેવપીર મંદિરરોડ ઉપર આવી, સીધેસીધાઆગળ આવતાં ગૌરીશંકર મહોલ્લાની પશ્ચિમેથી જલાલપોર મુખ્ય રોડ ઉપર આવતાં ત્યાંથી આગળ વધી, વળાંક લઈ, નવસારી શહેરની હદે-હદે આગળ વધી, નવસારીના રે. સ. નં. ૨૬૯ ની હદની અંદરનો તમામ વિસ્તાર.

## નવસારી મહાનગરપાલિકા- વોર્ડ નં. ૩ની હદનું વર્ણન

મોજે નવસારીની ઉત્તરે ટી .પી. સ્કીમ નં. ૧ ના અંતિમ ખંડ ૪૫૫ ની પુર્વે આગળ વધી નવસારીના સિમાડે સિમાડે આગળ વધી ત્યાંથી દક્ષિણે પુર્વે તરફ વળાંક લઇ રૂસ્તમ વાડી રોડ ઉપર આવી ત્યાંથી પુર્વ તરફ સીધે સીધા આગળ વધતા રમાબેન હોસ્પિટલની દક્ષિણે આવેલ રોડથી દક્ષિણે વળી સીધે સીધા લક્ષ્મી ટોકીઝ વાળા રોડથી આગળ વધી ફુવારા સર્કલ ઉપર આવી ત્યાંથી દક્ષિણે સ્ટેશન રોડ તરફ દાબુ લો. કોલેજની પશ્ચિમે હદે આગળ વધી ત્યાંથી મનોહર એમ્પાયરની પુર્વમાં આવેલ રોડથી દક્ષિણ તરફ સીધે સીધા આગળ વધી કુષ્ણનગર સોસાયટીની પુર્વ હદથી આશાબાગ રોડ ઉપર આવી ત્યાંથી પુર્વ તરફ આગળ વધતા ધ્રુવીની હોસ્પીટલની પ્રશ્ચિમ હદથી દક્ષિણ તરફ વળી સીધે સીધા રોડ ઉપર આગળ વધતા નવસારીના સિમાડે સિમાડે પશ્ચિમ તરફ આગળ વધતા ત્યાંથી માણેકલાલ રોડ ઉપર આવતા ત્યાંથી ઉત્તરે વળાંક લઇ માણેકલાલ રોડ ઉત્તરે આગળ વધતા પશ્ચિમ તરફ વળાંક લઇ જનરલ પોસ્ટ ઓફિસની ઉત્તર હદે આગળ વધતા ત્યાંથી દક્ષિણ તરફ વળાંક લઇ નવસારીના સીમાડે સીમાડે આગળ વધી ભકતા આશ્રમ રોડ ઉપર આવી ત્યાંથી દક્ષિણે વળાંક લઇ સીધે સીધા દક્ષિણ તરફ નવસારીની હદે હદે આગળ વધતા પશ્ચિમ તરફ વણાંક લઈ ખેડુત સહકારી જીનની દક્ષિણ હદે પશ્ચિમ તરફ આગળ વધતા ત્યાંથી વળાંક લઇ રેલ્વેની હદે હદે આગળ વધી ઉત્તરે વિજલપોર રોડ ઉપર આવી ત્યાંથી ઉત્તર તરફ રેલ્વે હદથી આગળ વધી ટીપીસ્કીમ નંબર ૧ અંતિમ ખંડ ૪૫૫ ની હદનો તમામ વિસ્તાર.

## નવસારી મહાનગરપાલિકા- વોર્ડ નં. ૪ની હદનું વર્ણન

પુર્ણા નદીના ઉત્તરે વિરાવળના સિમાડેથી પુર્વ તરફ આગળ વધી ઉત્તરે વળાંક લઇ વિરાવળના રે.સ.નં. ૩૨૩ ની પશ્ચિમ હદથી ઉત્તરે આગળ વધી ત્યાંથી પશ્ચિમ તરફ વળી ત્યાંથી આગળ વધતા ઉત્તરે વિરાવળના રે.સ.નં. ૩૨૩ ની પશ્ચિમ હદે આગળ વધી પુર્વ તરફ વણાંક લઈ વિરાવળના ઉત્તરે સિમાડેથી પુર્વ તરફ આગળ વધતા ત્યાંથી વળાંક લઇ ઉત્તરે વિરાવળના સીમાડે સીમાડે આગળ વધતા પુર્વ તરફ વધતા ત્યાંથી દક્ષિણે વિરાવળના સિમાડે સિમાડે આગળ વધતા વિરાવળના સિમાડે સિમાડે દક્ષિણેથી પુર્વ તરફ આગળ વધતા પુર્ણા નદીની ઉત્તરે વિરાવળના સિમાડે સિમાડે હદથી દક્ષિણે આવેલી સિમાડે મળી ત્યાંથી દક્ષિણે વિરાવળની સિમાડે સિમાડે આગળ વધતા પશ્ચિમે વળાંક લઇ પશ્ચિમ તરફ વિરાવળના સિમાડે સિમાડે આગળ વધતા રે.સ.નં. ૭૬ ની દક્ષિણે આવે ત્યાંથી ઉત્તરે વળી પશ્ચિમ તરફ આગળ વધી વિરાવળના રે. સ. નં. ૭૭ની પુર્વે હદેથી દક્ષિણ તરફ વળી નવસારીના સિમાડે મળી ત્યાંથી દક્ષિણ તરફ નવસારીના સિમાડે સિમાડે આગળ વધી નવસારીના રીંગરોડ ઉપર આવી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ વધતા અષ્ટમંગલ એપાર્ટમેન્ટની રે. સ. નં. ૧૪ ની પશ્ચિમ હદથી દક્ષિણ તરફ સીધે સીધા આગળ વધી મહાવીર સોસાયટી દેરાસરની દક્ષિણે પશ્ચિમ તરફ સીધે સીધા આગળ ગ્રીન પાર્ક સોસાયટી, ગુરૂકુપા સોસાયટીની ઉત્તરે હદ થઇ દક્ષિણે વળી ગુરૂકુપા સોસાયટીની પશ્ચિમે હદે હદ આગળ વધતા ઝવેરી સડક રોડ ઉપર પશ્ચિમ તરફ વિરાવળ પેટ્રોલપંમ્પની દક્ષિણે હદ થઇ દક્ષિણ તરફ ટાટા સ્કુલથી મોટા બજાર રોડ ઉપર સીધે સીધા આગળ વધી મોટા બજાર પોલીસ સ્ટેશનની દક્ષિણ હદે પશ્ચિમ તરફ મામા ચેવડાવાળા રોડ ઉપર સીધે સીધા આગળ વધી સિલોટવાડ ટાંકીની દક્ષિણે મરીયમપુરા રોડ ઉપર આવી દક્ષિણ તરફ વળી સીધે સીધા આગળ વધી રાણા સમાજની વાડીની દક્ષિણે રોડ ઉપરથી મહાકાળી માતાના મંદિર ગોલવાડ રોડ ઉપર આવી દક્ષિણે સીધે સીધા આગળ વધી ગોલવાડ પોલીસ સ્ટેશનની ઉત્તરે આવેલ ફુવારાથી ગોલવાડ રોડ ઉપર આવી પશ્ચિમ તરફ સીધે સીધા ગોલવાડથી ફુવારા રોડ ઉપર આગળ વધતા મહાત્મા ગાંધીની પ્રતિમા થઇ ઉત્તર તરફ ફુવારાથી લક્ષ્મી ટોકીઝ રોડ ઉપર સીધે સીધા આગળ વધતા રમાબેન હોસ્પીટલની દક્ષિણે રોડ ઉપર આવી ત્યાંથી પશ્ચિમ તરફ ઠક્કરબાપા વાસ રોડ ઉપર આગળ વધતા ઉત્તરે નવસારીના સિમાડાને મળે ત્યાંથી પશ્ચિમ તરફ નવસારીના સિમાડે સિમાડે આગળ વધતા રેલ્વે ક્રોસ કરી વિરાવળના રે. સ. નં. ૪૪૨, રે. સ. નં. ૨૪૯ અને રે. સ. નં. ૪૭૫ની દક્ષિણે વિરાવળના સિમાડે સિમાડે આગળ વધી ઉત્તરે વિરાવળના રે. સ. નં. ૪૭૪ ની પશ્ચિમેથી ઉત્તર હદે આગળ વધી પુર્ણા નદીના ઉત્તરે વિરાવળના સિમાડાની હદની અંદરનો તમામ વિસ્તાર.

## નવસારી મહાનગરપાલિકા- વોર્ડ નં. ૫ની હદનું વર્ણન

મોજે ચોવીસીના રે.સ. નં. ૩૨૭ ઉત્તરેથી પૂર્વ તરફ ચોવીસીના સીમાડે-સીમાડે આગળ વધી, ની કબીલપોરના સીમાડેથી પૂર્વ તરફ આગળ વધી, ધારાગીરીના સીમાડે મળી, ત્યાંથી પૂર્વ તરફ આગળ વધી, નેશનલ હાઈવેને મળી, ત્યાંથી પૂર્વ તરફ ધારાગીરીના સીમાડે-સીમાડે આગળ વધી, વિરવાડીના સીમાડે મળી, ત્યાંથી દક્ષિણે વળાંકલઈ, ધારાગીરીના સીમાડે-સીમાડે આગળ વધીનસીલપોરના સીમાડાને મળી, ત્યાંથી દક્ષિણે ચોવીસીના સીમાડે-સીમાડે આગળ વધી, સીસોદ્રાના સીમાડાને મળી, પશ્ચિમ તરફ વળાંક લઈ, ચોવીસીના સીમાડે-સીમાડે પશ્ચિમ તરફ આગળ વધી, કબીલપોરના સીમાડાને મળી, ત્યાંથી દક્ષિણે કબીલપોરના સીમાડે-સીમાડે આગળ વધી, સિસોદ્રાના સીમાડાને મળી, ત્યાંથી પશ્ચિમ તરફ કબીલપોરના સીમાડે-સીમાડે આગળ વધી, તીઘરાના સીમાડાને મળી, ત્યાંથી ઉત્તરે વળાંક લઈ, કબીલપોરના સીમાડે-સીમાડે પશ્ચિમ તરફ આગળ વધી, કબીલપોરના સીમાડે-સીમાડે આગળ વધતાં કાલીયાવાડીના સીમાડે મળી, ત્યાંથી પશ્ચિમ તરફ આગળ વધી, કબીલપોરના સીમાડે-સીમાડે આગળ વધી, ઉત્તરે કબીલપોરના સીમાડે-સીમાડે આગળ વધી, વળાંક લઈ, પશ્ચિમ કબીલપોરના સીમાડે-સીમાડે આગળ વધી, કબીલપોરના રે સ. નં. ૮૫, રે સ. નં. ૮૬,રે સ. નં. ૮૭ અને રે સ. નં. ૧૦૯ થી દક્ષિણ હદથી ઉત્તર તરફ વળી રે સ. નં. ૧૦૯ ની ઉત્તરે હદથી પૂર્વ તરફ આગળ વધતાં કબીલપોરના સીમાડે આગળ જતા ચોવીસીના સીમાડાને મળી, ત્યાંથી પશ્ચિમ તરફ ચોવીસીના સીમાડે-સીમાડે આગળ વધતાં નવસારીના સીમાડાને મળી, તેમજ ત્યાંથી ઉત્તર પશ્ચિમે ચોવીસીના સીમાડે-સીમાડે આગળ વધી, ચોવીસીના રે સ. નં. ૩૨૭ / ૫ ની હદની અંદરનો તમામ વિસ્તાર.

## નવસારી મહાનગરપાલિકા- વોર્ડ નં. ૬ની હદનું વર્ણન

ઝવેરી સડક પેટ્રોલ પંમ્પની હદથી પૂર્વ તરફ આગળ વધી, દક્ષિણે વળાંક લઈ, ઝવેરી સડક રોડ ઉપર આવી પૂર્વ તરફ સીધેસીધા ઝવેરી સડક રોડ ઉપર આગળ વધતાં ત્યાંથી ઉત્તરે વળી ગુરૂકુપા સોસાયટીના પશ્ચિમે હદથી ઉત્તર તરફ આગળ વધતાં ત્યાંથી ગુરૂકુપા સોસાયટીની ઉત્તરે પૂર્વ તરફ આગળ વધતાં મહાવીર સોસાયટી રોડ ઉપર આવી ત્યાંથી પૂર્વ તરફ આગળ વધતાં રોડની ઉત્તરે વળી અષ્ટમંગલ એપાર્ટમેન્ટ રે સ. નં. ૧૪ ની પશ્ચિમ હદથી આગળ વધી, રીંગરોડ ઉપર આવી ત્યાંથી સીધેસીધાપૂર્વ તરફ નવસારીના સીમાડે-સીમાડે આગળ વધી, ચોવીસીના સીમાડાને મળી, ત્યાંથી દક્ષિણે આગળ નવસારીના સીમાડે-સીમાડે આગળ વધી, પૂર્વ તરફ વળાંક લઈ, નવસારીના સીમાડે-સીમાડે આગળ વધી, કાલીયાવાડીના સીમાડાને મળી, ત્યાંથી પૂર્વ તરફ કાલિયાવાડીના સીમાડે-સીમાડે આગળ વધી, વળાંક લઈ, દક્ષિણે કાલિયાવાડીના સીમાડેથી પૂર્વ તરફ કાલિયાવાડીના સીમાડે-સીમાડે થઈ કબીલપોરના રે સ. નં. ૧૦૯, રે સ. નં. ૮૫,રે સ. નં. ૮૬,રે સ. નં. ૮૭ ની દક્ષિણે કાલિયાવાડીના હદથી પૂર્વ તરફ આગળ વધતાં વળાંક લઈ, કબીલપોરના સિમડાને મળી, ત્યાંથી દક્ષિણે આગળ વધી, કબીલપોરના સીમાડેથી નવસારીના સીમાડાને મળીત્યાંથી પશ્ચિમ તરફ આગળ વધીને દક્ષણે રે.સ. નં. ૩૬ ની પુર્વેથી આગળ વધી, પશ્ચિમ તરફ રે.સ. નં. ૩૬/૧ ની દક્ષિણે સીધેસીધા આગળ વધી, અંતિમ ખંડ નં. ૩૩૫ ની પશ્ચિમ હદથી ઉત્તરે આગળ વધી, અંતિમ ખંડ નં. ૩૩૪ની પશ્ચિમ હદ થઈ સી.આર.પાટીલ. સંકુલની પશ્ચિમ હદ થી પૂર્વ તરફ અંતિમ ખંડ નં. ૩૨૮ અને ૩૩૨ ની ઉત્તર હદથી કાલીયાવાડીના સીમાડાને મળી, ત્યાંથી અંતિમ ખંડ નં. ૩૩૧ ની પશ્ચિમે આગળ વધી, દશેરા ટેકરી રોડ ઉપર આવી ત્યાંથીઉત્તરે વળી ટી પી સ્કીમ નં ૨ ના અ ખ નં ૧૩૯ ની પશ્ચિમ બાજુએ થી વળાંક લઈ, ટાગોર સોસાયટીની પશ્ચિમ હદથી કબ્રસ્તાનની પશ્ચિમ હદ થઈદશેરા ટેકરી ઉપર આવી પશ્ચિમ તરફ દશેરા ટેકરી રોડ ઉપરથી રોટરી સર્કલ પર આવી ત્યાંથી પશ્ચિમે સીટી સ્કેવેર, પરીક્રમાની દક્ષિણે રોડ ઉપરથી આંબેડકરની પ્રતિમા થઈ આવાબાગની દક્ષિણે રોડ થીઈન્કમટેક્ષ ઓફિસ વાળા રોડ પરથી પશ્ચિમ તરફથી લંગરવાડ થઈ દરગાહ રોડ પર આવી ત્યાંથી ઉત્તરે સીધેસીધા આગળ વધતાં ચારપુલ રોડ ઉપર આવી ત્યાંથી પૂર્વ તરફ વળાંક લઈ, ચારપુલ રોડ ઉપર પૂર્વ તરફ આગળ વધતાં ચારપુલ પોલીસ ચોકીની ઉત્તરે વળાંક લઈ, સીધેસીધા જમશેદબાગની પૂર્વ હદે રોડ ઉપર આગળ વધી, પાંચ હાટડી રોડ ઉપર આવી ત્યાંથી મોરા મહોલ્લો થઈ પુર્ણામાતાના મંદિરથી દક્ષિણે હદે આવી ત્યાંથી પશ્ચિમ લક્ષ્મીનારાયણ મંદિરની ઉત્તરે આવેલ રોડ ઉપર સીધેસીધા આગળ વધતાં બહુચર માતાના મંદિરેથી મોટાબજાર રોડ ઉપર આવી મોટાબજાર રોડ પશ્ચિમ સીધેસીધા આગળ વધતાં મોટાબજાર પોલીસ ચોકીથી થઈ પેટ્રોલપંમ્પની હદની અંદરનો તમામ વિસ્તાર.

## નવસારી મહાનગરપાલિકા- વોર્ડ નં. ૭ની હદનું વર્ણન

ફુવારા જયુબીલી ગાર્ડનની દક્ષિણે આવેલ રોડથી પૂર્વ તરફ સીધેસીધા આગળ વધતાં ગોલવાડ પોલીસ ચોકીની ઉત્તરે રોડથી મહાકાળી માતાના મંદિરવાળા રોડ ઉપરથી પૂર્વ તરફ રાણાપંચની વાડીની દક્ષિણે થઈ મરીયમ પુરા રોડ ઉપર આવી પૂર્વ તરફ સિલોટવાડ વાળા રોડ ઉપરથી મોટાબજાર પોલીસ ચોકીથી મોટાબજારથી કંસારાવાડ વાળા રોડ ઉપર આવી ત્યાંથી બહુચરા માતાના મંદિર થઈ લક્ષ્મીનારાયણ માતાના મંદિરની ઉત્તરે આવેલ રોડથી પુર્ણામાતાના મંદિરથી દક્ષિણે થઈ મોરા મહોલ્લોથી પાંચહાટડી ઉપર આવી ત્યાંથી દક્ષિણે જમશેદ બાગ વાળારોડ ઉપર સીધેસીધા આગળ વધી, ચારપુલ રોડ ઉપર આવી ત્યાંથી પશ્ચિમ તરફ ચારપુલ રોડ ઉપરથી સીધેસીધા આગળ વધતાં દક્ષિણે દરગાહ રોડ આવીત્યાંથી પૂર્વ તરફ લંગરવાડ વાળા રોડ ઉપર થઈઈન્કમટેક્ષ કચેરી વાળા રોડ ઉપર આવી ત્યાંથી દક્ષિણ તરફ આગળ વધતાં વળાંક લઈ, સરબતીયા તળાવની ઉત્તર હદથી પશ્ચિમ તરફ સીધેસીધા મોટી દરગાહની ઉત્તર હદથી આગળ વધતાં દરગાહ રોડ ઉપર આવી દક્ષિણે દરગાહ રોડ પર સીધેસીધા આગળ વધી, કેરશાસ્પ રોડને મળી, ત્યાંથી પશ્ચિમ તરફ પ્રજાપતિ નગરની દક્ષિણ હદથી આગળ વધીટેકનીકલ હાઈસ્કુલ રોડ ઉપર આવી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ વધતાં ટેકનીકલ હાઈસ્કુલની ઉત્તરેથી છાપરા રોડે સીધેસીધા આગળ વધતાં કૈવલ્યાધામ સોસાયટીની દક્ષિણ હદથી પશ્ચિમ તરફ નવસારીની હદે-હદે આગળ વધતાં વિજલપોરના સીમાડાને મળી, ત્યાંથી ઉત્તર નવસારીના સીમાડે-સીમાડે આગળ વધતાં દુધિયા તળાવ રોડ ઉપર આવી ત્યાંથી પશ્ચિમ તરફ ધાનેરા પાર્કની દક્ષિણ રોડથી ઉત્તર તરફ આશાપુરી મંદિર વાળા રોડથી પશ્ચિમ તરફ નવસારીના સીમાડે-સીમાડે આગળ વધી, વિજલપુરના સીમાડાને મળી, ત્યાંથી ઉત્તરે આવેલ રોડથી ધ્રુવીની હોસ્પીટલ થઈ પશ્ચિમ તરફ આશાનગર રોડ ઉપર આવી ત્યાંથી ઉત્તરે વળી કુષ્ણનગર સોસાયટીની પૂર્વ હદથી સીધેસીધા આગળ વધતાં મનોહર એમ્પાયરની પૂર્વ રોડથી સ્ટેશનથી ફુવારા રોડ પર થઈ જયુબીલી ગાર્ડની દક્ષિણે આવેલ રોડની હદની અંદરનો તમામ વિસ્તાર.

## નવસારી મહાનગરપાલિકા- વોર્ડ નં. ૮ની હદનું વર્ણન

સ. નં. ૨૩૪ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી પોસ્ટ ઓફિસના ઈશાન ખૂણાથી ટેલીફોન એક્ષચેન્જ, સ. નં. ૨૩૭ના પૂર્વ ખૂણાથી અગ્નિ ખૂણા થઈ આગળ વધી, સ. નં. ૨૧૯/અ ના ઉત્તર ખૂણાથી ઈશાન ખૂણાના સ. નં. ૨૩૫ થઈ આગળ વધી, વાયવ્ય ખૂણાથી ઉત્તર ખૂણા થઈ આગળ વધી, સ. નં. ૨૩૩ ના વાયવ્ય ખૂણાથી ઉત્તર ખૂણા થઈ આગળ વધી, સ. નં. ૨૩૦ ના પશ્ચિમ ખૂણાને અડીને સ. નં. ૨૩૧ ના વાયવ્ય ખૂણાથી નવસારીના હદે-હદે પૂર્વ તરફ આગળ વધી, સંસ્કાર ભારતી સ્કુલ શોપીંગ સેન્ટરની પૂર્વથી દક્ષિણ તરફ નવસારીના સીમાડાની હદે-હદે આશાપુરી માતાજીના મંદિરના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી સ. નં. ૨૨૭ ની પૂર્વ બાજુએ નવસારીનાં સીમાડાની હદે-હદે દક્ષિણ તરફ આગળ વધતાંસ. નં. ૨૨૬ ના ઈશાન ખૂણાથી પૂર્વ તરફ નવસારીના સીમાડે-સીમાડે આગળ વધી, બુધિયા બિલ્ડિંગ સુધી જઈ, ત્યાંથી દક્ષિણ તરફ નવસારીના સીમાડાની હદે-હદે શશી એપાર્ટમેન્ટ, અમૃત નગર, શીતલનગર તથા સ. નં. ૨૨૪, સ. નં. ૨૨૩, સ. નં. ૨૨૧, સ. નં. ૨૧૧, સ. નં. ૨૧૦,

સ. નં. ૨૦૯, સ. નં. ૨૦૮ ની પૂર્વ તરફની હદે-હદેઆગળ વધી, સ. નં. ૧૭૭ નાઈશાન ખૂણાથી વળાંક લઈ, દક્ષિણ તરફ આગળ વધતાં આજ સ. નં. ૧૭૭ ના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ આગળ વધતાં સ. નં.૨૦૭, સ. નં. ૨૦૫, સ. નં. ૨૦૪, દક્ષિણ તરફની હદે-હદેઆગળ વધી, રોયલસોસાયટીના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ વળાંક લઈ, આગળ વધી, નહેરૂ નગરના અગ્નિ ખૂણાથી વળાંક લઈ, પશ્ચિમ તરફ આગળ વધી, મારૂતિનગર, પશ્ચિમ તરફ વળાંક લઈને વાયવ્ય ખૂણા સુધી જઈ, ત્યાંથી દક્ષિણના નૈઋત્ય તરફ વળાંક લઈ, બાબર ઈશિત તળાવની હદે-હદે આગળ વધી, બાબર ઈશિત તળાવ ખૂણા સુધી ત્યાંથી સ. નં. ૧૮૮ની પૂર્વ તરફની હદે-હદે દક્ષિણ તરફ આગળ વધતાં અલ્કાપુરી સોસાયટીના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ વળાંકલઈ, સ. નં. ૧૮૫ ની દક્ષિણ તરફની હદે-હદે પશ્ચિમ તરફ આગળ વધતાં સ. નં. ૧૮૬ના નૈઋત્ય ખૂણા સુધી જઈ, ત્યાંથી વળાંક લઈ, ઉત્તર તરફ આગળ વધતાં અલ્કાપુરી સોસાયટીની પશ્ચિમ તરફથી હદે-હદે આગળ વધી, ગ્રીનપાર્ક સોસાયટીની દક્ષિણ હદથી પશ્ચિમ તરફ આગળ વધતાં ત્યાંથી ગ્રીનપાર્ક સોસાયટીની પશ્ચિમ હદેથી ઉત્તર તરફ આગળ વધતાં વિજય કોલોનીના દક્ષિણ ખૂણાથી નવયુગ નગર - ૧, ૨ ની દક્ષિણ બાજુ આગળ વધી, વોર્ડ નં. ૧૦ ની હદે-હદેસ. નં. ૨૬૦ ના નૈઋત્ય ખૂણાથી વળાંક લઈ, ઉત્તર બાજુ અમદાવાદ મુંબઈ રેલ્વેની હદે-હદેસ. નં. ૨૬૧, સ. નં. ૨૮૭, સ. નં. ૨૮૬, સ. નં. ૨૮૩, સ. નં. ૨૭૯, સ. નં. ૨૭૭, સ. નં. ૨૭૩-અ, સ. નં. ૨૭૪ ની પશ્ચિમ બાજુએથી આગળ વધી, સ. નં. ૨૭૫ના વાયવ્ય ખૂણેથી વળાંક લઈ, પૂર્વ બાજુ આગળ વધી, સ. નં. ૨૭૩-બ, સ. નં. ૨૭૩, ઉત્તર બાજુથી સ. નં. ૨૭૧/૧/અ ના ઈશાન ખૂણાથી વળાંક લઈ, ઉત્તર બાજુ આગળ જતાં નવસારીના સીમાડાની હદે-હદેસ. નં. ૨૩૯ -અની પશ્ચિમ બાજુથી માણેકલાલરોડ ક્રોસ કરી સ. નં. ૨૩૪ના વાયવ્ય ખૂણા સુધીનાની હદની અંદરનો તમામ વિસ્તાર.

## નવસારી મહાનગરપાલિકા- વોર્ડ નં. ૯ની હદનું વર્ણન

સ. નં.  ૩૧૧ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી સ. નં. ૩૦૯, સ. નં. ૩૦૮,સ. નં. ૩૦૫ની ઉત્તર હદે-હદેસ. નં. ૩૦૪ ના ઈશાન ખૂણા સુધી જઈ, ત્યાંથી આગળ વધી, દાંડી રોડ ઓળંગી સ. નં. ૩૦૩ નવસારી કોટન મીલની પૂર્વની હદે-હદેસ. નં.૨૯૩ ની પૂર્વ બાજુની હદે-હદેસ. નં. ૪/બ, સ. નં. ૭/અ, સ. નં.૧૦/અ, સ. નં. ૧૦/બ, સ. નં. ૬૧, સ. નં. ૬૩, સ. નં. ૬૬, સ. નં. ૬૭, સ. નં. ૭૦, સ. નં. ૧૦૩/અ ની પૂર્વ હદે-હદે દક્ષિણ તરફ આગળ વધતાં સ. નં. ૧૦૪ ની પૂર્વે રેલ્વેથી દક્ષિણે આગળ વધી, ત્યાંથી હાંસાપોરના સીમાડે મળી, ત્યાંથી પૂર્વ તરફ હાંસાપોરના સીમાડે આગળ વધી, છાપરાના સીમાડે મળી, ત્યાંથી દક્ષિણે હાંસાપોરના સીમાડે-સીમાડે આગળ વધી, મોગારના સીમાડાને મળી, ત્યાંથી પશ્ચિમ તરફ આગળ વધતાં મંદિરના સીમાડાને મળી, ત્યાંથી દક્ષિણ સીમાડેઆગળ વધતાં ભુતસાડના સીમાડાને મળી, ત્યાંથી વળાંક લઈ, એરૂના સીમાડે આગળ વધી, એથાણના સીમાડે મળી, ત્યાંથી એથાણના સીમાડે-સીમાડે આગળ વધી, કોથમડીના સીમાડે મળી, ત્યાંથી ઉત્તરે જલાલપોરના સીમાડાને મળી, ત્યાંથી પૂર્વ તરફ જલાલપોરના સીમાડે-સીમાડે આગળ વધી, વિજલપોરના સીમાડાને મળી, ત્યાંથી ઉત્તરે વિજલપોરના સીમાડે-સીમાડે આગળ વધી, સ. નં.  ૩૧૧ ના વાયવ્ય ખૂણા સુધીની હદની અંદરનો તમામ વિસ્તાર.

## નવસારી મહાનગરપાલિકા- વોર્ડ નં. ૧૦ની હદનું વર્ણન

સ. નં. ૨૫૮ ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફ વોર્ડ નં. ૮ ની હદે-હદે સ.નં. ૨૫૭, સ.નં. ૨૪૭ ની ઉત્તરે પૂર્વ તરફ આગળ જતાં સ. નં. ૨૪૬ ની ઉત્તરે ગ્રીનપાર્કની ઉત્તર હદથી પૂર્વ તરફ આગળ વધતાં સત્યમ શિવમ સુંદરમ કો.ઓ. હા. સો. લિ.ની પશ્ચિમ હદે મળી, ત્યાંથી દક્ષિણ તરફઆગળ વધી સ. નં. ૧૬૫ ના વાયવ્ય ખૂણાથી આદર્શનગરની ઉત્તર તરફથી હદે-હદેપૂર્વ તરફ આગળ વધી, સ. નં. ૧૮૪ ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ વધતાં ગુરૂકૃપા સોસાયટીના વાયવ્ય ખૂણાથી વળાંક લઈ, ઉત્તરે આગળ વધી, લાગુ વોર્ડ નં. ૮ ની હદે-હદેપૂર્વ તરફ આગળ વધી, ઉત્તર તરફ વળાંક લઈ, મારૂતીનગર પ્રા. શાળાની વાયવ્ય હદે આગળ વધી, મારૂતી નગર પ્રા. શાળાની પશ્ચિમ તરફ હદે ખૂણા સુધી જઈ, ત્યાંથી વળાંકલઈ, પૂર્વ તરફ આગળ વધી, ઈશાન ખૂણાથી વળાંકલઈ, મારૂતી નગર પ્રા.શાળાની પૂર્વ બાજુની હદે-હદે દક્ષિણ તરફ આગળ વધી, મારૂતીનગરના વાયવ્ય ખૂણા સુધી જઈ, ત્યાંથી પૂર્વ બાજુ વળાંકલઈ, મારૂતીનગરની ઉત્તર બાજુની હદે-હદેઆગળ વધી, ઈશાન ખૂણા સુધી જઈ, ત્યાંથી ઉત્તર તરફ વળાંક યોગીનગરના વાયવ્ય ખૂણા સુધી જઈ, નવસારી સીમાડે-સીમાડેપૂર્વ તરફ આગળ વધી, યોગીનગરના ઈશાન ખૂણા સુધી જઈ, વળાંક લઈ, મોજે છાપરા ગામની હદે-હદે દક્ષિણ તરફ આગળ વધતાં આર્દશપાર્ક નારાણપાર્કની પૂર્વની હદે-હદેઆગળ વધી, સ. નં.૧૭૩ ના અગ્નિ ખૂણા સુધી જઈ, ત્યાંથીપશ્ચિમ બાજુ વળાંક લઈ, સ. નં. ૧૭૩ની દક્ષિણ તરફની હદે-હદે નૈઋત્ય ખૂણા સુધી જઈ, ત્યાંથી ઉત્તર તરફ વળાંક લઈ, રામજીપાર્ક સોસાયટીના અગ્નિ ખૂણા સુધી જઈ, પશિમ બાજુ વળાંકલઈ, આગળ વધતાં મારૂતીનગરની દક્ષિણ તરફની હદે-હદે ઈશાન પશ્ચિમ તરફ આગળ વધતાં આશીર્વાદ સોસાયટીના ખૂણા સુધી જઈ, ત્યાંથી દક્ષિણ તરફ વળાંકલઈ, ધીરૂ દાજીની વાડી, અંબાજીનગરની પૂર્વ બાજુની હદે-હદે દક્ષિણ તરફ આગળ વધી, અંબાજીનગરના અગ્નિ ખૂણા સુધી જઈ, ત્યાંથીપશ્ચિમ તરફ વળાંક લઈ, અંબાજીનગરની દક્ષિણ બાજુએ આગળ વધી, રાઘાનગરના ઈશાન ખૂણા સુધી જઈ, વળાંક લઈ, દક્ષિણ બાજુ રાઘાનગરના અગ્નિ ખૂણા સુધી જઈ, પશ્ચિમ તરફ વળાંક લઈ, કૈલાશનગરના નૈઋત્ય ખૂણા સુધી જઈ, દક્ષિણ તરફ વળાંક લઈ, સ. નં. ૨૫૩ ની પૂર્વહદે-હદે દક્ષિણ તરફ આગળ વધી, સ. નં. ૨૫૩ ના અગ્નિ ખૂણાથી ઉત્તર તરફ વળાંક લઈ, અમદાવાદ-મુંબઈની હદે-હદેસ. નં. ૨૫૩, સ. નં. ૨૫૪, સ. નં. ૨૫૬,સ. નં.૨૫૭, ઉત્તર બાજુ જતાં સ. નં. ૨૫૯ ની પશ્ચિમ બાજુથી આગળ જતાં સ. નં.૨૫૮ ના વાયવ્ય ખૂણા સુધીની હદની અંદરનો તમામ વિસ્તાર.

## નવસારી મહાનગરપાલિકા- વોર્ડ નં. ૧૧ની હદનું વર્ણન

સ.નં. ૧૬૧ ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી પૂર્વ તરફ આગળ વધતાં રાધાનગરના વાયવ્ય ખૂણા સુધી જઈ, ઉત્તર તરફ વળાંક લઈ, સ.નં. ૧૬૭ ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ વળાંક લઈ, સ.નં. ૧૬૭ના ઈશાન ખૂણા સુધી જઈ, ત્યાંથી ઉત્તર તરફ વળાંક લઈ, લાશા નગરના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ વળાંક લઈ, આગળ વધી, પાર્થ કોલોનીના ઈશાન ખૂણા સુધી જઈ, ત્યાંથી વળાંક લઈ, સ.નં. ૧૭૨ના નૈઋત્ય ખૂણા સુધી જઈ, ત્યાંથી પૂર્વ તરફ વળાંક લઈ, સ. નં. ૧૭૨ના ઈશાન ખૂણા સુધી જઈ, ત્યાંથીદક્ષિણ બાજુ જતાં સ. નં. ૧૩૦,સ. નં. ૧૨૯,સ. નં. ૧૨૮,સ. નં. ૧૨૨,સ. નં ૧૨૧,સ. નં. ૧૦૯,સ. નં. ૧૦૮,સ. નં. ૧૦૬ની પૂર્વહદે-હદે આગળ જતાં સ. નં. ૧૦૫ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ વળાંક લઈ, આગળ જતાં સ. નં. ૧૦૭,સ. નં. ૧૧૦,સ. નં. ૧૧૧,સ. નં. ૧૧૨,સ. નં. ૧૧૩,સ. નં. ૧૧૪,સ. નં. ૧૧૫, સ. નં. ૧૫૨, સ. નં. ૧૫૩, સ. નં. ૧૫૫,સ. નં. ૧૫૬ની પશ્ચિમ બાજુની હદે-હદે આગળ જતાંજતાંસ. નં. ૧૬૧ના વાયવ્ય ખૂણા સુધીની હદની અંદરનો તમામ વિસ્તાર.

## નવસારી મહાનગરપાલિકા- વોર્ડ નં. ૧૨ની હદનું વર્ણન

પ્રજાપતિ નગરની ઉત્તર પૂર્વ હદથીદરગાહ રોડ ઉપર આવી,પૂર્વ તરફ મોટી દરગાહની ઉત્તરેથી પૂર્વ તરફ આગળ વધતાં શરબતીયા તળાવની ઉત્તરે હદથી આવાબાગવાળા રોડ ઉપર આવી, દક્ષિણેથી ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાથી પૂર્વ તરફ આગળ વધી, ગણદેવી રોડ રોટરી સર્કલ ઉપર આવી, ત્યાંથી દક્ષિણે ગણદેવી રોડ ઉપર સીધેસીધા આગળ વધતાં જમાલપોરના સીમાડે મળી, પશ્ચિમ તરફ નવસારી શહેરની હદને મળી, પશ્ચિમ તરફ સીધેસીધા આગળ વધતાં છાપરાના સીમાડે-સીમાડે આગળ વધી, ત્યાંથી દક્ષિણે છાપરાના સીમાડે-સીમાડે વધી,પૂર્વ તરફ છાપરાના સીમાડે-સીમાડે આગળ વધી, ત્યાંથી દક્ષિણે વળાંક લઈ, છાપરાના સીમાડે-સીમાડે દક્ષિણે આગળ વધી, ત્યાંથી પશ્ચિમ તરફ છાપરાના સીમાડે-સીમાડે આગળ વધી, ત્યાંથી વળાંક લઈ, દાંતેજના સીમાડાને મળી, ત્યાંથી દક્ષિણે દાંતેજના સીમાડે-સીમાડે આગળ વધી, પરતાપોરના સીમાડાને મળી, ત્યાંથીપશ્ચિમ તરફ પરતાપોરના ઉત્તર સીમાડે-સીમાડે આગળ વધી, હાંસાપોરના સીમાડાને મળી, ત્યાંથી હાંસાપોરના સીમાડે-સીમાડે ઉત્તર તરફ વધી, ત્યાંથીપશ્ચિમ તરફ હાંસાપોરના સીમાડે આગળ વધીવિજલપોરના સીમાડાને મળી, ત્યાંથી ઉત્તરે વિજલપોરના સીમાડે-સીમાડે આગળ વધી, નવસારીના સીમાડાને મળી, ત્યાંથી વળાંક લઈ, પૂર્વ તરફ નવસારીના સીમાડાથી છાપરા રોડ ઉપર આવી, ટેકનિકલ હાઈસ્કુલની પશ્ચિમે હદથી પૂર્વ તરફ આગળ વધતાં ટેકનિકલ હાઈસ્કુલની ઉત્તરે હદથી કેરસાસ્પ રોડ ઉપરથી પૂર્વ આગળ વધતાં પ્રજાપતિ નગરની દક્ષિણ હદથી પૂર્વ તરફ કેરશાસ્પ રોડ પર આગળ વધતાં ઉત્તરે દરગાહ રોડ પર આવી, ત્યાંથી દરગાહ રોડ પર ઉત્તર તરફ આગળ વધતાં પ્રજાપતિ નગરની ઉત્તર પૂર્વ હદની અંદરનો તમામ વિસ્તાર.

## નવસારી મહાનગરપાલિકા- વોર્ડ નં. ૧૩ની હદનું વર્ણન

પારસી પંચાયતની ઉત્તરેથી પૂર્વ તરફ દશેરા ટેકરી રોડની ઉત્તરે કબ્રસ્તાનની પશ્ચિમ બાજુએથી પૂર્વ તરફ ટાગોર સોસાયટીથી ઉત્તરે ટાગોર સોસાયટી રોડથી મતીયાપાટીદાર વાળા રોડને મળી, ત્યાંથી પૂર્વ તરફ સીધેસીધા આગળ વધી, ટી.પી. સ્કીમ નં. ૨ ના અંતિમ ખંડ નં. ૧૩૯ ની પશ્ચિમ હદેથી દશેરા ટેકરી રોડ ઉપર આવી,સીધેસીધા આગળ વધતાં કાલીયાવાડીના સીમાડાને મળીત્યાંથી પૂર્વ તરફ અંતિમ ખંડ નં. ૩૩૧ ની ઉત્તર હદથી આગળ વધી, ત્યાંથી વળાંકલઈ, અંતિમ ખંડ નં. ૩૨૮ અને ૩૩૨ ની ઉત્તર હદથી પશ્ચિમ તરફ આગળ વધી, ત્યાંથી સી.આર.પાટીલસંકુલની પશ્ચિમ હદથી દક્ષિણે સીધેસીધા આગળ વધી, અંતિમ ખંડ નં. ૩૩૪, ૩૩૫ ની પશ્ચિમ હદ થઈ, ત્યાંથી રે.સ.નં. ૩૬/૧ ની દક્ષિણ હદેથી પૂર્વ તરફ આગળ વધી, ત્યાંથી ઉત્તરે વળાંકલઈ, રે.સ.નં. ૩૬ ની પૂર્વ હદેથી કાલિયાવાડીના સીમાડાને મળી, ત્યાંથી પૂર્વે આગળ વધી, કબીલપોરના સીમાડાને મળી, ત્યાંથી દક્ષિણે વળાંક લઈ, નવસારીના સીમાડે-સીમાડે આગળ વધી, પશ્ચિમ તરફ આગળ વધી, દક્ષિણે વળાંક લઈ, ત્યાંથી તીઘરાના સીમાડાને મળી,પૂર્વ તરફ તીઘરાના સીમાડાને આગળ વધી, ઉત્તરે વળાંક લઈ, તીઘરાના સીમાડે-સીમાડે આગળ વધી, ત્યાંથી વળાંક લઈ,પૂર્વ તરફ તીઘરાના સીમાડે આગળ વધી, કબીલપોરના સીમાડાને મળી, ત્યાંથી દક્ષિણે તીઘરાના સીમાડે-સીમાડે આગળ વધી, પશ્ચિમ તરફ વળાંક લઈ, આગળ વધી, દક્ષિણે તીઘરાના સીમાડે-સીમાડે આગળ વધી, ત્યાંથી દક્ષિણે ઈટાળવાના સીમાડાને મળી,પૂર્વ તરફ આગળ વધતાંઈટાળવાના સીમાડે-સીમાડે દક્ષિણ તરફ આગળ વધતાં અડદાના સીમાડે મળી, ત્યાંથી પશ્ચિમ તરફ મોગારના સીમાડાને મળી, પશ્ચિમે ઉત્તર તરફ ઈટાળવા સીમાડે-સીમાડે આગળ વધી, પ્રતાપપોરના સીમાડાને મળી, ત્યાંથી ઉત્તરે ઈટાળવાના સીમાડે-સીમાડે આગળ વધી, છાપરાના સીમાડાને મળી, ત્યાંથી પૂર્વ તરફ છાપરાના સીમાડેથી છાપરા રે. સ. નં. ૨૪૯ થી પૂર્વ હદથી ઉત્તરે આગળ વધી, જમાલપોરના સીમાડાને મળી, પશ્ચિમ તરફ વળાંક લઈ, જમાલપોરના સીમાડે-સીમાડેપૂર્વ તરફ આગળ વધતાં છાપરાના સીમાડાને મળી, ત્યાંથી ઉત્તરે વળાંક લઈ, જમાલપોરના સીમાડે-સીમાડે આગળ વધી, છાપરાના સીમાડને મળી, ત્યાંથી પૂર્વ જમાલપોરના સીમાડાથી ગણદેવી રોડ ઉપર આવી, ત્યાંથી ઉત્તરે ગણદેવી રોડથી પારસી પંચાયતની હદનો તમામ વિસ્તાર.

**આર. જી. ગોહિલ,**

સચિવ.

**અનુસૂચિ-૨**

**રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાત**

**સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર**

**રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-મનપા-નવસ-યુનિટ-૪-૨૦૨૫, તા.૨૯/૧૨/૨૦૨૫નું સાંધણ**

| | | | |
|---|---|---|---|
| નવસારીમહાનગરપાલિકાની સને ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ કુલ વસતી | ૩,૦૫,૬૫૩ | | |
| કુલ વોર્ડની સંખ્યા | ૧૩ | | |
| વોર્ડ દીઠ સરેરાશ વસતી | ૨૩,૫૧૨ | સરેરાશ વસતીના ૧૦ ટકા વધ મુજબ : | ૨૫,૮૬૩ |
| | | સરેરાશ વસતીના ૧૦ ટકા ઘટ મુજબ : | ૨૧,૧૬૦ |
| બેઠકોની સંખ્યા | ૫૨ | | |
| કુલ સ્ત્રી બેઠકો | ૨૬ | | |
| અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૩ | તે પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રીઓ માટે અનામત | |
| અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૮ | તે પૈકી ૪ બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓ માટે અનામત | |
| પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા | ૧૪ | તે પૈકી ૭ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત | |
| કુલ અનામત બેઠકો | ૩૯ | | |
| સામાન્ય બેઠકો | ૧૩ | | |

| અ. નં. | વોર્ડ નંબર | વોર્ડની વસતી | પહેલી બેઠક સ્ત્રીઅનામત | બીજી બેઠક સ્ત્રી અનામત | ત્રીજી બેઠક અનામત કે બિનઅનામત | ચોથી બેઠક અનામત કે બિન અનામત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૨૫,૬૯૯ | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૨ | ૨ | ૨૫,૦૪૨ | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૩ | ૩ | ૨૩,૬૦૫ | અનુસૂચિત જાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૪ | ૪ | ૨૨,૫૭૫ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય |
| ૫ | ૫ | ૨૫,૪૬૩ | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૬ | ૬ | ૨૫,૬૮૨ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય |
| ૭ | ૭ | ૨૧,૬૪૮ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૮ | ૮ | ૨૧,૪૪૭ | પછાતવર્ગ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૯ | ૯ | ૨૫,૮૪૦ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય |
| ૧૦ | ૧૦ | ૨૧,૫૩૦ | પછાતવર્ગ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૧૧ | ૧૧ | ૨૧,૨૪૭ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૧૨ | ૧૨ | ૨૩,૧૫૫ | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૧૩ | ૧૩ | ૨૨,૭૨૦ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત આદિજાતિ | સામાન્ય |
| | **કુલ** | **૩,૦૫,૬૫૩** | | | | |

**આર. જી. ગોહિલ,**

સચિવ.

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2025.12.31 10:40:06 IST